ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ભૂકંપના આંચકાથી નગરમાં દોડધામ

**શહેરના હાઈરાઈઝ બિલ્ડીંગો ધ્રુજ્યાઃ બે ઘડી માટે નાસભાગ મચી જવા પામી : હળવા આંચકાથી નગરજનો ભયભીત. ભૂકંપનો મુદ્દો ટાક ઓફ ધ ટાઉન**




(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા ૨૫

આજે બપોરે ધરતીકંપના આંચકાથી ગાંધીનગરની ધરા ધ્રુજી ઉઠી હતી. ૧૧:૪૨ કલાકે હળવી તિવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ઉત્તરી નેપાળ વિસ્તારમાં ૭.૯ની તિવ્રતાનો ધરતીકંપ આવતા યુ પી બિહાર દીલ્હી સહિત સમગ્ર દેશમાં ભૂકંપના આંચકાની અસર વર્તાઇ હતી.જયારે ગુજરાતમાં પણ ધરા ધ્રજી હતી. ગાંધીનગર અને અમદાવાદ સહિતના શહેરમાં નાગરિકોએ ધરતી ધ્રુજતી અનુભવી હતી.ધરતીકંપના હળવા આંચકાની અસરથી નાગરિકોમાં ફફડાટ પ્રવર્તયો હતો. ગાંધીનગરના હાઈરાઈઝ બિલ્ડીંગોમાં ધરતીકંપના આંચકાથી દોડધામ મચી જવા પામી હતી. સે-૧૧ સ્થિત સુમન ટાવર ,મેઘમલ્હાર કોમ્પલેક્ષ,અને અભિષેક સહીતના હાઈરાઈઝ બિલ્ડીંગોમાં આંચકાની અસર વર્તાઇ હતી.જેના લીધે વેપારીઓ અને મુલાકાતીઓમાં નાસભાગ મચી જવા પામી હતી.ધરતીકંપના લીધે કોર્મશિયલ કોમ્પલેક્ષમાંથી વેપારીઓ ભયભીત થઈ બહાર દોડી આવ્યા હતા. ભૂકંપના સમાચાર વાયુવેગે પ્રસરતા કુતુહલ અને ઉત્તેજના સાથે તરેહ તરેહની ચર્ચાએ જોર પકડયુ હતું.નવા ગાંધીનગરના વિસ્તારમાં પણ હાઈરાઈઝ બિલ્ડીંગોમાં આંચકાની અસર વર્તાઈ હતી જેના લીધે બે ઘડી ભયનો માહોલ સર્જાયો હતો. જો કે આજે સરકારી ઓફિસોમાં રજા હોવાથી વિશેષ ભયનો માહોલ સર્જાયો ન હતો. સોશ્યલ મીડીયા પર ભૂકંપના મેસેજ ફરતા થતા થોડીવાર માટે વાતાવરણ વધુ ભયભીત બની ગયુ હતુ. ધરતી ધ્રુજતા રહીશો ૨૦૦૧ના ધરતીકંપના સ્મરણો વાગોળતા નજરે પડયા હતા.

નેપાળમાં આજે અચાનક ધરતીકંપનો તિવ્ર આંચકો આવતા ભારે તબાહી સર્જાઇ હતી. અંદાજિત ૭.૪ ની તિવ્રતાનો ધરતીકંપ આવતા દેશના મોટાભાગના શહેરોમાં ધરતીકંપની અસર વર્તાઇ હતી. યૂ પી બિહાર, દિલ્હી, નોયડા સહીત ગુજરાત સહીતના રાજયોમાં ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો.ગાંધીનગર અને અમદાવાદમાં પણ ધરતીકંપના આંચકાથી નાસભાગ મચી જવા પામી હતી. શહેરોમાં હાઈરાઈઝ બિલ્ડીંગોમાં આંચકો વિશેષ અનુભવાયો હોવાથી ખાસ કરીને વેપારીઓ, વિદ્યાર્થીઓ તેમજ અન્ય મુલાકાતીઓમાં દોડધામ મચી જવા પામી હતી. બપોરના સમયે હળવો આંચકો આવવાથી શહેરના સે ૧૧માં સ્થિત મેઘમલ્હાર, અભિષેક, સુમન ટાવર સહીતના હાઈરાઈઝ બિલ્ડીંગો પણ ધ્રજી ઉઠયા હતા. જેના લીધે સફાળા જાગેલા વેપારીઓ બિલ્ડીંગ નીચે દોડી આવ્યા હતા.ભૂકંપ આવ્યોના અનુભવથી ભયનો માહોલ સર્જાયો હતો. આ કામ્પલેક્ષોમાં ખાનગી કોચીંગ કલાસમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ પણ નીચે દોડી આવ્યા હતા. જોકે શાળાઓમાં વેકેશન હોવાથી વાલીઓએ નિરાંત અનુભવી હતી. બીજીતરફ એસ બી આઈની મેઈન બ્રાન્ચમાં પણ કામ કરતા સ્ટાફે ધરતીકંપનો આંચકો અનુભવ્યો હતો. ધરતીકંપના લીધે કર્મચારીઓ અને મુલાકાતીઓ બેંકની બહાર દોડી આવ્યા હતા. ન્યુ ગાંધીનગરમાં પણ રહેણાંકના ફલેટ ઉપરાંત હાઈરાઈઝ બિલ્ડીંગોમાં પણ નાગરિકોએ આંચકાની અસર અનુભવી હતી. ધરતીકંપ આવ્યો હોવાની જાણ થતાં રહીશો બહાર દોડી

● અનુસંધાન પાન-૭ પર

## રાજય સરકાર દ્વારા હેલ્પલાઈન

ગાંધીનગર, તા.૨૫

નેપાળના પ્રવાસે ગયેલા ગુજરાતના પ્રવાસીઓ માટે ગુજરાત સરકાર દ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નેપાળમાં આજે વિનાશક ભૂકંપ આવતાં ભારે તારાજી સર્જાઈ હતી. ગુજરાતમાંથી ૭૫ લોકો નેપાળના પ્રવાસે ગયા છે આ લોકોનો સંપર્ક સાધવા માટે અને વિગતો જાણવા માટે તેમના સગાવહાલા દ્વારા ગુજરાતના સ્ટેટ રેવન્યુ કંટ્રોલ રૂમને ૨૫ કોલ મળ્યા હતાં.

રાહત કંટ્રોલ રૂમ દ્વારા નેપાળના પ્રવાસે ગયેલા ગુજરાતીઓની તમામ વિગતો મેળવીને યાદી તૈયાર કરવામાં આવી છે અને તેમને ગુજરાત પરત લાવવા માટે તમામ મદદ કરવામાં આવશે. આ માટે રાજય સરકાર દ્વારા હેલ્પલાઈન નંબર ૦૭૯-૨૩૨૫૧૯૦૭, ૨૩૨૫૧૯૦૨, ૨૩૨૫૧૯૦૮ હેલ્પલાઈન શરુ કરવામાં આવી છે.

## ધરતીકંપની સાથે સાથે...

- ગાંધીનગરના હાઈરાઈઝ કોમર્શિયલ કોમ્પ્લેક્ષોમાં ધરતીકંપના આંચકા અનુભવાતા જ લોકો ગભરાટના માર્યા બહાર દોડી આવ્યા હતાં.
- સે-૧૧ના સુમન ટાવર, મેઘ મલ્હાર, શાલીન, અભિષેક અને સુમનસીટી કોમ્પ્લેક્ષમાંથી કર્મચારીઓ, મુલાકાતીઓ જીવ બચાવવા સીડીઓ ઉતરીને રોડ પર આવી ગયા.
- પ્રતિક મોલ, સ્વાગત રેઈન ફોરેસ્ટ, રાધે રેસીડેન્સી વગેરે કોમ્પ્લેક્ષમાંથી પણ લોકો બહાર આવી ગયાં.
- અડધા કલાકના ગાળામાં ત્રણ વખત આંચકા અનુભવાયાં. નગરના લગભગ તમામ સેકટરમાં આંચકા અનુભવાયાં.
- હાઈરાઈઝ રહેણાંક એપાર્ટમેન્ટસમાંથી પણ રહીશો, બાળકો અને મહિલાઓ ઘરની બહાર નીકળી ગયાં.
- સરકારી ઓફિસોમાં રજા હોવાથી કોઈ ખાસ અસર નહીં.
- વ્હોટસએપ-ફેસબુક જેવા સોશિયલ મિડીયા પર ભૂકંપના સમાચાર તુરંત જ વાઈરલ થતા ચર્ચાસ્પદ મુદ્દો બન્યો.
- ઘણી ખાનગી કંપનીઓએ કર્મચારીઓને અડધી રજા આપી દીધી.
- ટીવીમાં ભૂકંપના સમાચાર જોવા ઈલેકટ્રોનિકસની દુકાનો અને પાનપાર્લરો પર ભીડ જામી.
- ન્યુઝ ચેનલો પર ગજેન્દ્રસિંહનો મુદ્દો સાઈડલાઈન થઈ ભૂકંપના સમાચારની હારમાળા ચાલી.
- વ્હોટસએપ પર ભૂકંપની તસવીરો સાથે જાતજાતની વાતો વાઈરલ થવા લાગી. લોકોએ રાહુલ ગાંધીના કેદારનાથ દર્શનને પણ ટીખળે ચઢાવ્યું.
- ધરતીકંપનો કડવો ઘુંટડો ચાખેલો હોઈ ઘણા રહીશોએ રાત્રે ઘરની બહાર જ સુવાનું નક્કી કર્યું. હાઈરાઈઝ ફલેટના રહીશોએ ગ્રાઉન્ડ ફલોરનું મકાન ધરાવતા સગા સંબધીઓને ત્યાં સુઈ જવાનું મુનાસીબ માન્યું.

# રાજયભરમાં હીટવેવનો બીજો રાઉન્ડ આગામી સપ્તાહમાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

આગામી સપ્તાહમાં ગાંધીનગર સહિત રાજ્યના મોટા શહેરોમાં ગરમીનો પારો ૪૪ની આસપાસ પહોંચે તેવી શક્યતાના સંકેતો આજે હવામાન ખાતાના સૂત્રોમાંથી પ્રાપ્ત થયા છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણેક દિવસથી ગરમીનો પારો થોડોક નીચો ઉતર્યો છે. આજે ગરમીનો પારો ૩૯.૮ ડિગ્રી નોંધાયો છે. જો કે ગુરૂવાર સુધીમાં પુનઃ એકવાર ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચે તેવી શક્યતાઓ છે.

આજે આકાશ સ્વચ્છ રહેશે અને ગરમીનો પારો ૪૧ થી ૪૨ ડિગ્રીની આસપાસ રહે તેવી આગાહી હવામાન ખાતાના સૂત્રો કરી રહ્યા છે.

ગુજરાતમાં આ હીટવેવનો બીજો રાઉન્ડ છે. આ હીટવેવને લઈ સારો વરસાદ થવાની આશા ખેડૂતોને બંધાઈ છે. ગરમીના વધતા જતા પ્રકોપને કારણે પાણી અને વીજ માંગમાં વધારો પણ નોંધાયો છે. આ ઉપરાંત શાકભાજીના ભાવોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

હવામાન ખાતાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રવિવારથી ગુરૂવાર સુધી ગુજરાતમાં હીટવેવનો વધુ એક રાઉન્ડ થશે.

છેલ્લા ત્રણેક દિવસથી લોકો ગરમીમાં થોડીક રાહત જરૂર અનુભવી રહ્યા છે.

## બેસણું



અમારા સુપુત્ર યજ્ઞેશસિંહ તા. ૨૩-૪-૨૦૧૫ ના રોજ દેવલોક પામ્યા છે. સદ્દગતનું બેસણું તા.૨૭-૪-૨૦૧૫ ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

● નિવાસસ્થાન ●
પ્લોટ નં. ૫૮૧/એ-૨, સેકટર-૭/૮, બસ સ્ટેન્ડ પાછળ, સેકટર-૮, 'ઘ' માર્ગ, ગાંધીનગર

લિ. પ્રો. ભુપતસિંહ પથુભા ચુડાસમા (વાગડ-ધંધુકા)
(નિવૃત પ્રાધ્યાપક - વિજ્ઞાન કોલેજ - ગાંધીનગર)

## આશાદિપ નિદાન કેન્દ્ર
ડો. દિલીપ એમ. પંચોલી
(એમ.ડી. મેડીસીન નિદાનના નિષ્ણાત)
પ્લોટ નં. ૨૯૧, સ્કાયવ્યુ બિલ્ડીંગ, સેક્ટર-૨૨, ૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર
બહાર જવાના હોવાથી આશાદીપ નિદાન કેન્દ્ર
૨૬-૪-૨૦૧૫ રવિવારથી
૧૯-૭-૨૦૧૫ રવિવાર મળશે નહીં.
૨૦-૭-૨૦૧૫ સોમવારથી રાબેતા મુજબ
સવારે ૧૦ થી ૧, સાંજે ૬ થી ૮ મળશે




સેમ્પલ હાઉસ રેડી | લોન પેપર્સ ઉપલબ્ધ
બેઝમેન્ટ પાર્કિંગ | આધુનિક સુવિધાસભર કલબ હાઉસ | કિડ્ઝ સ્પ્લેશ પુલ
કિડ્ઝ પ્લે એરીયા | સીક્યુરીટી કેબીન અને CCTV કેમેરા | લેન્ડસ્કેપ ગાર્ડન
સાઇટઃ પારિજાત હોમ્સ્ ની પાસે, પ્રમુખ નગર ની પાછળ, મહાત્મા મંદિર (ખ) રોડ, સરગાસણ ચાર રસ્તા પાસે, ગાંધીનગર.
ફોન : ૭૮૨૦૦ ૯૯૦૯૯
SUYASH CRYSTAL
2 & 3 BHK APARTMENTS & SHOPS
Proud Member GIHED CREDAI GUJARAT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com